ઉપર મૂકેલ કેસોનો નિકાલ કરવા બાબતની
સંકલિત સૂચનાઓ.

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃફપખ-૩૨૭૯-૪૯૨૯-ભાગ-૩-ન
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ૧/૧/૨૦૦૧

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ગૃહ વિભાગના પરિપત્ર ક્રમાંકઃફપખ-૩૨૭૯-૪૯૨૯-(૨)-ન તા.૨/૪/૧૯૮૧.

(૨) ગૃહ વિભાગના પત્ર ક્રમાંકઃફપખ-૩૨૭૯-૪૯૨૯-ભાગ-૩-ન, તા.૨૫/૮/૧૯૯૮.

<u>પ રિ પ ત્રઃ</u>

રાજયના તમામ જીલ્લાઓની જુદી જુદી મેજીસ્ટ્રેરીયલ કોર્ટોમાં દર વર્ષે ડોરમેન્ટ કેસોની સંખ્યાઓ વધતી જતી હોવાથી, તે અંગે અસરકારક પગલા લેવા અને આ વધતી જતી સંખ્યામાં ઘટાડો કરી શકાય તે માટે આમુખમાં જણાવેલ તા.૨/૪/૧૯૮૧ ના પરિપત્ર અને તા.૨૫/૮/૧૯૯૮ પત્રથી મેજીસ્ટ્રેરીયલ કોર્ટોમાં "ડોરમેન્ટ ફાઈલ" ઉપર મૂકેલ કેસોનો નિકાલ કરવાની સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

૨. ઉકત પરિપત્ર અને પત્રમાં આપેલ સૂચનાઓનું ખોટું અર્થઘટન કરી કેટલાક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી કેસો પાછા ખેંચવા અંગેના હુકમો બહાર પાડેલ હોવાનું સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે. જે અન્વયે હવે પછી આ સૂચનાઓનું ખોટું અર્થઘટન ન થાય તે માટે પુખ્ત વિચારણાને અંતે <u>સંકલિત સ્વરૂપે સૂચનાઓ</u> પુનઃ બહાર પાડવામાં આવે છે.

૩. જે કેસોમાં ત્રણ વર્ષ થયા છતાંય પોલીસ આરોપીઓને કોર્ટમાં રજૂ કરી શકી નથી તેવા કેસો પૈકી નીચે જણાવ્યા મુજબના <u>કેસો પાછા ખેંચવાઃ-</u>

(૧) રૂા.૨૦૦ સુધીના ચોરીના કેસો

(૨) પ્રોહીબીશનના કેસો પૈકી, જે કેસોમાં જથ્થાની કિંમત રૂા.૫૦૦૦/- સુધીની હોય તેવા બધાજ કેસો પાછા ખેંચવા.

(૩) સમરી ટ્રાયલના બધા જ કેસો પાછા ખેંચવા.

(૪) અન્ય કાયદા નીચેના કેસો, જેમાં કેન્દ્રીય ધારાઓ જેવા કે કસ્ટમ એકટ વગેરે નીચેના ગંભીર પ્રકારના ગુનાઓનો સમાવેશ ન થતો હોય તેવા કેસો પાછા ખેંચવા.

(૫) ટ્રાફીક ભંગના કેસો પૈકી, આરોપો ગંભીર પ્રકારના ન હોય તેવા કેસો.

૪. ઉપર જણાવ્યા મુજબ જે કેસો પાછા ખેંચવાની કાર્યવાહી કરવાની છે, તે પૈકી નીચે મુજબના <u>કેસો પાછા ખેંચવા નહિઃ-</u>

(૧) આઈ.પી.સી. નીચેના કેસો પૈકી સેસન્સ કોર્ટોમાં ચાલવા પાત્ર કેસો

(૨) સરકારી નાણાંની ઉચાપતના કેસો

(૩) ખોરાકમાં ભેળસેળ અંગેના કેસો.

(૪) આવશ્યક ચીજ વસ્તુ ધારા હેઠળના કેસો.

(૫) આર્થિક ગુન્હાના કેસો.

૫. દરેક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓએ ઉપર જણાવ્યા મુજબની સૂચનાઓ ધ્યાને લઈ પાછા ખેંચી લેવાના કેસોનું લીસ્ટ તૈયાર કરી, તે મુજબ સબંધિત પબ્લીક પ્રોસીકયુટર ને જે તે અદાલતોમાંથી તેવા કેસો પાછા ખેંચી લેવા સૂચના આપવી.

૬. કેસો પાછો ખેંચવા અંગેનું લીસ્ટ બનાવતાં જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના ધ્યાન ઉપર લાવવામાં આવે કે, ઉપરના ધોરણે પ્રમાણે પાછા ખેંચી લેવાના કેસો, પૈકી કોઈ કેસ અથવા કેસો ખાસ કારણસર પાછા ખેંચવા જેવા નથી. તો તેવા ન ખેંચી લેવા પાત્ર કેસો અંગેની ટૂંકી નોંધ સાથે જુદુ લીસ્ટ બનાવી એક નકલ સરકારશ્રીને અને એક નકલ હાઈકોર્ટને મોકલવી.

૭. ઉપરના ધોરણોના સંદર્ભમાં દર વર્ષે <u>જુન માસના</u> આખર સુધીરમાં ત્રણ વર્ષ ઉપરાંતના પડતર કેસો પાછા ખેંચી લેવા અંગે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીએ સમીક્ષા કરવી અને પાછા ખેંચી લેવા પાત્ર થતા કેસો જે તે કોર્ટોમાંથી પાછા ખેંચી લેવા માટે પબ્લીક પ્રોસીકયુટર ને સૂચના આપવી.

૮. ઉપર્યુકત સૂચનાઓનુ ચુસ્તપણે પાલન કરવા અને જે કેસો પાછા ખેંચવા પબ્લીક પ્રોસીકયુટરને જણાવેલ હોય, તેની <u>ફકત આંકડાકીય માહિતી</u> સરકારશ્રીને અચૂક મોકલી આપવી.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.કે.નાડિયા)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ.

પ્રતિ,
માન.રાજયપાલશ્રીના સચિવશ્રી,ગાંધીનગર (પત્ર ધ્વારા)
મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી (પત્ર ધ્વારા)
માનનીય મુખ્યમંત્રીશ્રીના સચિવ, સચિવાલય, ગાંધીનગર.
માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી(ગૃહ)ના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી કાયદા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
અધિક મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી ગૃહ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
સચિવશ્રી (વાહનવ્યવહાર)સચિવાલય,ગાંધીનગર.
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી,ગુજરાત રાજય,ગાંધીનગર.
અધિક પોલીસ મહાનિદેશક અને ઈન્સ્પેકટર જનરલ ઓફ પ્રિજન્સ,અમદાવાદ.
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી.(ક્રાઈમ અને રેલ્વેઝ), ગાંધીનગર.
તમામ કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી,
તમામ પોલીસ કમિશનરશ્રી,
તમામ જીલ્લા પોલીસ અધિકારીશ્રી,
ગૃહ વિભાગની તમામ શાખાઓ.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ..
શાખા સિલેકટ ફાઈલ.